## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




**ડેડી, ઉનાળામાં શરબતનું સ્ટાર્ટઅપ કર્યું... શિયાળામાં આમળાનાં રસનું કર્યું... હવે થોડી મદદ કરો તો છત્રીનું સ્ટાર્ટઅપ કરૂ....**

## મહુન્દ્રા ગામે યુકો બેંક દ્વારા કેમ્પ



મહુન્દ્રા ગામે યુકો બેંક દ્વારા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું આ પ્રસંગે ગામના તલાટી સરપંચ શ્રી સર્વે ગ્રામજનો હાજર રહ્યા હતા યુકો બેંકમાંથી મેનેજર શ્રી આસિસ્ટર મેનેજર શ્રી નરેન્દ્રસિંહ હાજર રહ્યા હતા આ કેમ્પનું ૬૭૮ વ્યક્તિઓએ લાભ લીધો

## ડભોડામાંથી પાંચ જુગારી ઝડપાયા

ગાંધીનગર, તા.૨૮

ડભોડા પોલીસ મથકના જવાનો પેટ્રોલીંગમાં હતા. તે દરમિયાન બાતમી મળી હતી કે ડભોડા ફુલજીવાળા વાસ ખાતે સ્ટ્રીટ લાઈટના અજવાળે ખુલ્લી જગ્યામાં કેટલાક શખ્સો જુગારની બાજી માંડીને બેઠા છે. જેથી પોલીસે સ્થળ પર જઈ દરોડો પાડતા જુગારીઓમાં દોડધામ મચી ગઈ હતી. પોલીસે તમામ જુગારીઓને કોર્ડન કરી પકડી પાડ્યા હતા. પોલીસે જુગારીઓના નામ પુછતા ગામના સાયકલવાળા વાસ ખાતે રહેતા ૫૦ વર્ષિય દિનેશ પુંજાજી પરમાર, ફુલજીવાળો વાસ ખાતે રહેતા ૪૫ વર્ષિય ભીખાજી સવધાનજી ઠાકોર,સાયકલવાળા વાસ ખાતે રહેતા ૬૯ વર્ષિય ભલાજી લાખાજી પરમાર, ફુલજીવાળો વાસ ખાતે રહેતા ૫૩ વર્ષિય મફાજી શંકાજી સોલંકી, સાયકલવાળા વાસ ખાતે રહેતા ૪૫ વર્ષિય મુકેશ ઉદાજી સોલંકી હોવાનું જણાવ્યું હતું. જયારે પોલીસને દાવ પરથી રૂ.૩ હજાર અને અંગજડતી દરમિયાન રૂ.૧૧,૫૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# સાહિત્ય અકાદમી દ્વારા ગૌરવ પુરસ્કાર કાર્યક્રમ





ગાંધીનગર, તા.૨૮

નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી, ગાંધીનગર ખાતે તારીખ ૨૮ જૂન, ૨૦૨૩ બુધવારના રોજ સાંજના ૪:૩૦ કલાકથી ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા સાહિત્યકારોને ભાષા અને સાહિત્યક્ષેત્રે તેમનું અમૂલ્ય પ્રદાન આપવા બદલ પ્રોત્સાહિત કરવા હેતુ, સાહિત્ય ગૌરવ પુરસ્કાર અને યુવા ગૌરવ પુરસ્કાર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ, માનનીય સાંસ્કૃતિક મંત્રીશ્રી મુળુભાઈ બેરા તથા હરિસિંહ ગૌર વિશ્વવિદ્યાલયના કુલાધિપતિશ્રી બળવંત જાની, ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષશ્રી ભાગ્યેશ જહા, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ કમિશ્નરશ્રી હર્ષદ પટેલ(આઈ.એ.એસ.) અને ગુજરાત સાહિત્ય અકાદમીના મહામાત્રશ્રી ડૉ. જયેન્દ્રસિંહ જાદવની પ્રેરક ઉપસ્થિતિમાં ગુજરાતી, હિન્દી અને કચ્છી ભાષાના સાહિત્યકારોને સાહિત્ય ગૌરવ પુરસ્કાર તેમજ ગુજરાતી અને કચ્છી ભાષાના યુવા સાહિત્યકારોને યુવા ગૌરવ પુરસ્કાર અર્પણ કરવામાં આવ્યા હતા. જેમાં, શ્રી મોહન પરમાર અને શ્રી હરીશ મિનાશ્રુને ગુજરાતી, શ્રી મફતલાલ પટેલને હિન્દી તથા શ્રી પબુ ગઢવી અને શ્રી મદનકુમાર અંજરીયાને કચ્છી સાહિત્ય ગૌરવ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા. તેમજ શ્રી રામ મોરી અને શ્રી લલિત ખંભાયતાને ગુજરાતી ભાષા માટે અને સુ. શ્રી દક્ષા મહેશ્વરી તથા સુ. શ્રી નયના ચારણીયાને કચ્છી ભાષા માટે તેમના યોગદાનને પ્રોત્સાહિત કરતાં, યુવા ગૌરવ પુરસ્કારથી નવાજવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં અલગ-અલગ સ્થાનેથી પધારેલ સાહિત્યકારો અને સાહિત્યરસિક લોકોએ ઉમળકાભેર ભાગ લીધો હતો અને પુરસ્કાર ઉપરાંત કાવ્ય સંગીતનો પણ આનંદ માણ્યો હતો. આમંત્રિતો માટે કાર્યક્રમ બાદ સ્વરૂચિ ભોજનની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી. આમ, સાહિત્યપ્રેમીઓએ સાહિત્ય ગૌરવ પુરસ્કાર સમારોહને મનભરીને માણ્યહતો.

# પેસીફીકા ડેવલપર્સના ડાયરેક્ટર અને મેનેજર સામે રૂા.૨૮.૨૧ કરોડની છેતરપિંડીની ફરીયાદ

### ખોરજની ૭ વીઘા જમીનની રૂ.૬૧.૨૫ કરોડની ડીલ થઈ : રૂ.૨૮ કરોડ ના આપતા ફરીયાદ

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગરના ખોરજ ગામની સાત વીઘા જમીન ખરીદવા માટે રૂ.૬૧.૨૫ કરોડમાં સોદો થયો હતો. ખોરજ ગામની ટીપી-૬૩ સર્વે નં.૫૩૦ માં ફલેટની સ્કીમ મુકી જમીન માલિકને ૪૦ ટકા ભાગીદાર બનાવવાની લાલચ આપી રૂ.૨૮.૨૧ કરોડની છેતરપિંડી આચરી છે. જેથી ખેડુતે પેસીફીકા ડેવલપર્સના ડાયરેકટર અને મેનેજર સામે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

મળતી વિગત મુજબ અમદાવાદ સાયન્સ સીટી રોડ ખાતે રહેતા તરૂણભાઈ દિનેશચંદ્ર પટેલે ખોરજ ગામની સાત વીઘા જમીન ટીપી-૬૩ સર્વે નં.૫૩૦ જમીન ગોપાળભાઈ પટેલ પાસેથી ખરીદી હતી. જમીનના વેચાણ કરારમાં ખેડુતોને અવેજ ચુકવી આપ્યાનો ઉલ્લેખ કરી પંદર માસ પછી દસ્તાવેજ કરવાનો હતો. ત્યારબાદ કૃતાર્થ દેસાઈ અન ઉલ્લાસ ચાકો નામના દલાલ તરૂણભાઈ પાસે જઈને જમીન વેચાણ આપવી હોય તો સારુ ગ્રુપ લેવા તૈયાર છે.ત્યારબાદ તેમની ઓફિસ ૪૦૧ ટ્રેડ સેન્ટર આઈડીબીઆઈ બેંક ઉપર ગુરુકુળ રોડ મેમનગર ખાતે બંન્ને દલાલો સાથે પેસીફીકા ડેવલોપર્સ પ્રા.લી. કંપનીના મેનેજર પરમેશ રમેશચંદ્ર શર્મા પાસે જઈને જમીન ખરીદવાની વાત કરી હતી.કંપનીના ડાયરેકટર રાકેશ મોતીલાલ ઈસરાની (રહે સીગમા-૧ રાજપથ કલબની પાછળ બોડકદેવ) સાથે જોધપુર ચાર રસ્તા સ્ટાર બજારની ઉફર આવેલી ઓફિસે બેઠક કરી હતી. જયાં રાકેશ ઈસરાની ,કૌશીક ઘનશ્યામભાઈ પટેલ, તેમજ અમીન ઈસરાની હાજરીમાં જમીનનો રૂ.૬૧.૨૫ કરોડમાં સોદો નક્કી થયો હતો. આ ડીલ નક્કી થયા પછી તરૂણ પટેલને રૂ.૩૩ કરોડ ચુકવી દીધા હતા. ત્યારબાદ સ્ટેમ્પ પેપર પર બાનાખત કરાર કરવામાં આવ્યો હતો.જેમાં વેચાણ લેનાર તરીકે પેસીફીકા ડેવલપર્સ પ્રાઈવેટ લિમિટેડ નામની રજીસ્ટર્ડ કંપની વતી રાકેશ મોતીલાલ ઈસરાની અને કન્ફમ પાર્ટી તરીકે તરૂણભાઈનુ નામ હતું. ત્યારબાદ જમીન એન.એ. થઈ ગયા પછી રાકેશ ઈસરાનીએ કહ્યુ કે અમારે જમીન પર બાંધકામ કરવુ છે, જેથી જમીનનો કબ્જો આપો, જેથી તરૂણભાઈએ બાકીનું પેમેન્ટ પુરુ કરવા માટે કહ્યું હતું. જેથી ત્રણ વ્યકિત તરૂણભાઈને મળવા માટે ગયા હતા.તેઓએ ફલેટની સ્કિમમાં ૪૦ ટકા ભાગીદારની વાત કરી હતી. જેથી તરૂણભાઈએ વિશ્વાસમાં આવી રૂ.૧૦૦ ના સ્ટેમ્પ પેપર પર નોટરી કરી પાર્ટનરશીપ એમઓયુ થયા હતા. જેમાં પાર્ટી એક-૧ તરીકે પેસીફીક ડેવલપર્સ પ્રા.લી.કંપનીના મેનેજીગ ડાયરેકટર તરીકે રાકેશ ઈસરાની તેમજ અધર પાર્ટી તરીકે તરૂણભાઈનુ નામ હતું. ફલેટના વેચાણ થાય તેમાંથી ૪૦ ટકા તરૂણભાઈને અને ૬૦ ટકા પેસીફીક ડેવલપર્સની લેવાની વાત નક્કી થઈ હતી. જમીન મુળ ખેડુતના નામે રાખી હોવાથી ડેવલપમેન્ટ કરાર ખેડુતના નામે કરી આપ્યો હતો. ખોરજની જમીન પર રિફલેકશન નામની ફલેટની સ્કીમ શરુ કરી હતી. તરૂણભાઈએ તા.૨૬-૩-૧૩ના રોજ એમઓયુ રદ કર્યા હતા. જયારે ફલેટ બનાવવાનું કામ પુરજોશમાં શરુ થઈ ગયુ હતું. આ જમીનમાં કુલ ૪૮૦ ફલેટ બનાવ્યા હતા. તમામ ફલેટ વેચાઈ ગયા પછી પણ તરૂણભાઈને રૂપીયા ચુકવવામાં આવ્યા ન હતા. જમીન પેટે લેવાના રૂ.૨૮.૨૧ કરોડ તેમજ નફો આજદીન સુધી નહી આપીને વિશ્વાસઘાત તેમજ છેતરપીંડી આચરતા રાકેશ મોતીલાલ ઈસરાની, તેમજ પરમેશ રમેશચંદ્ર શર્મા સામે અડાલજ પોલીસ મથકે ગુનો નોંધાયો છે.

## ચરખા બનાવતી ફેકટરીમાં પાર્ટનર બનાવવાના બહાને રૂપિયા ૬૮.૩૦ લાખની છેતરપિંડી

ગાંધીનગર, તા.૨૮

રાજકોટ-સુરેન્દ્રનગર હાઈ વે ઉપર આવેલી ચરખા બનાવતી આર. બી. ઈન્ડરસ્ટ્રીઝના માલિક અને એક મહિલા ભાગીદારે ગાંધીનગર કુડાસણ રહેતા નાગરીકને કંપનીમાં પાર્ટનર બનાવવાનો પ્લાન ઘડી રૂ.૬૮.૩૦ લાખનું ફુલેકુ ફેરવ્યું છે.બનાવ અંગે ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

ગાંધીનગર શુકન સિલ્વર ફલેટ ખાતે રહેતા પ્રવિણભાઈ જેસંગભાઈ મોરી વર્ષ ૨૦૨૦માં સામાજીક કામ માટે સુરેન્દ્રનગર જતા હતા. તે સમયે રાજકોટ-સુરેન્દ્રનગર માર્ગ પર આર.બી.ઈન્ડરસ્ટ્રીઝના માલિક પ્રશાંતભાઈ ઘનશ્યામભાઈ ચાવડા સાથે ઓળખાણ થઈ હતી. પ્રશાંતભાઈને ચરખા બનાવવાની મોટી ફેકટરી છે અને તેઓ ચરખા બનાવી દેશના વિવિધ રાજયમાં સપ્લાય કરે છે. તેઓને પોતાના વેપાર ધંધાના વિકાસ માટે એક સાયલન્ટ ભાગીદારની જરુર છે તેવી વાત પ્રશાંતભાઈએ તેમના પાર્ટનર કુસુમબેન પોપટભાઈ ચાવડાને કરી હતી. જેથી ફેકટરી બતાવી વારંવાર ટેલીફોન પર વાતચીત કરી પ્રવિણભાઈને વિશ્વાસમાં લીધા હતા. જયારે ગાંધીનગર આવીને ત્રણ વાર બેઠક પણ યોજી હતી.પ્રવિણભાઈએ સાયલન્ટ પાર્ટનર બનવા માટે તૈયારી દર્શાવતા તા.૨૩-૫-૨૦ના રોજ પ્રશાંતભાઈ ગાંધીનગર આવી રૂ.૩.૨૦ લાખ લઈ ગયા હતા. ત્યારબાદ પ્રવિણભાઈએ માસીના દિકરાના ખાતામાં ચેક થી મોકલી આપ્યા હતા. ફેકટરીના માલિક પ્રશાંતભાઈએ તેમની ભાગીદારી પેઢીમાં પ્રવિણભાઈને સાયલન્ટ પાર્ટનર બનાવવાની પ્રક્રિયા કરવા માટે આર.બી.ઈન્ડરસ્ટ્રીઝ પ્રગતિ પ્લાસ્ટીક પાસે શેખપુર રાજકોટ હાઈ વે સુરેન્દ્રનગર ખાતે બોલાવી કંપનીમાં રોકાણ કરવા અને નફાનું ધોરણ હિસ્સા મુજબ આપી દેવાની વાત કરી હતી. જેથી પ્રશાંતભાઈએ તેમને ધ કો.ઓપરેટીવ બેંક ઓફ રાજકોટ સુરેન્દ્રનગરની શાખામાં લઈ ગયા હતા.બેંકના કર્મચારી પાસે પ્રવિણભાઈનું એકાઉન્ટ ખાલાવતા આધારકાર્ડ, પાનકાર્ડ, વિગેરે આપી કાર્યવાહી કરી હતી. ફોર્મ ભરવાની કાર્યવાહી દરમિયાનબેંક તરફથી ભાગીદારી ડીડના લખાણની માંગ કરતા પ્રશાંતભાઈએ ડીડ તૈયાર કરી લાવી બાકીની પ્રોસીજર પુરી કરી જશે તેવી વાત કરી પ્રવિણભાઈને પરત મોકલી દીધા હતા. બાદમાં વિવિધ તારીખે રૂ.૩૩.૩૦ લાખ પ્રવિણભાઈએ આરટીજીએસથી મોકલી આપ્યા હતા. ત્યારે પ્રવિણભાઈ ભાગીદાર છે તેમ સાબિત કરવા માટે બેંકીગ વ્યવહાર કરવા માટે ધ કો.ઓ.બેંક રાજકોટ લી.સુરેન્દ્રનગર શાખાના ચેક કુરીયર મારફતે ગાંધીનગર મોકલી આપતા હતા.જે ચેકમાં સહી કરી પ્રવિણભાઈ પરત મોકલી આપતા હતા. પ્રવિણભાઈને વિશ્વાસમાં લઈ અત્યાર સુધીમાં રૂ.૬૮.૩૦ લાખ ચાઉં કરી લીધા બાદ પણ પ્રશાંતભાઈ હિસાબ કરતા ન હતા. અને ત્યારબાદ ડુપ્લીકેટ બેંક સ્ટેટમેન્ટ મોકલી આપ્યું હતું. આખરે પ્રવિણભાઈએ અંદાજ આવી ગયો કે ભાગીદાર બનાવવાનો પ્લાન ઘડીને પ્રશાંતભાઈને રાજકોટ ગુણાતીત નગર સોસાયટીમાં રહેતા કુસુમબેને છેતરપિંડી આચરી છે. પ્રવિણભાઈએ રૂપીયાની વારંવાર ઉઘરાણી કરવા છતા હાથ અધ્ધર કરી લેતા ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

## ઓલમ્પિક વર્લ્ડ સમર ગેમમાં ગાંધીનગરના ૨ સ્પર્ધકો વિજેતા

ગાંધીનગર, તા. ૨૮

મનોદિવ્યાંગ વ્યક્તિઓ માટેના સ્પેશિયલ ઓલમ્પિક્સ વર્લ્ડ સમર ગેમમાં ભારતે ૨૦૨ મેડલ જીત્યા છે. જેમાં ગુજરાતના ૧૪ સ્પર્ધકોએ પણ આ જીતના હિસ્સેદાર છે. આ ગુજરાતી એથ્લેટ્સમાં જાલમસિંહ સોલંકી (અરવલ્લી) - બાસ્કેટબોલ-ગોલ્ડમેડલ, હિમાની પ્રજાપતિ (ગાંધીનગર)-વોલીબોલ-ગોલ્ડમેડલ, કાજલ બોળીયા (બોટાદ) - બાસ્કેટબોલ-સિલ્વર મેડલ, લીલા પટેલ (દાહોદ) - બાસ્કેટબોલ-સિલ્વર મેડલ, રીંકલ ગામીત (સુરત) - હેન્ડબોલ-સિલ્વરમેડલ, એન્જેલિના પૌસીન (અમદાવાદ) - રોલર સ્કેટિંગ-સિલ્વર મેડલ, અક્ષર પ્રજાપતિ (આણંદ) - રોલર સ્કેટિંગ-સિલ્વર મેડલ, પ્રેમ લાડ (આણંદ) - રોલર સ્કેટિંગ - સિલ્વર મેડલ, કિરીટ ચૌહાણ (દાહોદ) - સ્વિમિંગ - સિલ્વર મેડલ, અનુરાગ (ગાંધીનગર) - વોલીબોલ-સિલ્વર મેડલ, રાધા મચ્છર (મહીસાગર) - ફૂટબોલ-બ્રોન્ઝમેડલ મેળવી ગુજરાતનું નામ રોશન કર્યુ છે. જેઓને અઢળક અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

## શહેરના સેકટર-૨૬ અને ઘ-૫ થી બાઈક ચોરાયા

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર શહેરમાં વાહનચોરીના કિસ્સા વધુ બની રહ્યા છે. શહેરના વિવિધ વિસ્તારમાંથી રોજ વાહનચોરી થાય છે. ત્યારે સેકટર-૨૬ કિસાનનગર પ્લોટ નં.૬૨૧-૨ થી ઘ-૫ ચોપાટી બજારમાંથી બાઈકની ચોરી થતા સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે. ત્યારે પોલીસે પણ બાઈક ચોર શખ્સોને પકડી પાડવા માટે કમરકસી રહ્યા છે.

શહેરમાં છેલ્લા કેટલાક સમયથી બાઈક ચોરી બેકાબુ બની છે. ચોર શખ્સો ગમે તે સ્થાને થી વાહનની ઉઠાંતરી કરી પોલીસને પડકાર ફેંકતા હોય તેમ લાગી રહ્યું છે. ત્યારે સેકટર-૨૬ કિસાનનગર પ્લોટ નં.૬૨૧-૨ શિવમ પી.જી. હોસ્ટેલમાં મેહુલ વિનોદભાઈ ભાટીયા રહે છે.

મેહુલ ભાટીયા સ્પર્ધાત્મક પરિક્ષાની તૈયારી કરે છે. તેની પાસે હીરો સ્પ્લેન્ડર બાઈક નં. જીજે-૦૮-બીકે-૮૧૯૫ નો ઉપયોગ પોતાના માટે કરતો હતો. ગત તા.૨૫ ના રોજ કલાસીસમાં રજા હોવાથી બપોરે બાઈક હોસ્ટેલની બાજુમાં પાર્ક કર્યું હતું. જયારે બીજા દિવસે સવારે દોડવા માટે જવાનું હોવાથી બાઈક લેવા જતા પાર્ક કરેલી જગ્યા પર બાઈક ન હતું.જેથી યુવકે આસપાસના વિસ્તારમાં શોધખોળ કરવા છતા બાઈક મળ્યુ ન હતું. હોસ્ટેલના સીસીટીવી કેમેરા ચેક કરતા રાત્રીના ૩ વાગે બાઈક ચોરી કરી લઈ જતો શખ્સ કેમેરામાં કેદ થયો છે. યુવકે બાઈક ચોરી અંગે સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

જયારે બીજા બનાવમાં સેકટર-૨૫ જીઆઈડીસી ખાતે ગોવિંદ શકરાભાઈ હડુલા પરિવાર સાથે રહે છે. જયારે ગોવિંદભાઈ સેકટર-૧૬, ઘ-૫ ચોપાટી ખાતે આવેલ ટહુકો ચેહર રેસ્ટોરન્ટમાં નોકરી કરે છે. યુવક પાસે હીરો કંપનીનું જીજે-૧૮-સીએમ-૮૧૯૩ હતું. યુવક નોકરી પર આવવા જવા અને પોતાના કામ અર્થે બાઈકનો ઉપયોગ કરતો હતો. ગત તા.૨૫ ના રોજ ટહુકા ચેહર રેસ્ટોરન્ટ દુકાનનં.૬૭ પાસે સાંજના સાત વાગે પાર્ક કર્યુ હતું.જયારે નોકરી બાદ રાત્રીના ૧૧ વાગે જોયુ તો બાઈક ચોરી થઈ ગયું હતું. બનાવ અંગે યુવકે પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

## ગાંધીનગર જિલ્લામાં માતા મરણ અટકાવવા એસ.બી.સી.સી. ટીમ દ્વારા નવતર પ્રયાસ

ગાંધીનગર જિલ્લામાં માતા મરણ અટકાવવા એસ.બી.સી.સી. ટીમ દ્વારા નવતર પ્રયાસ કરવામાં આવ્યો હતો. જે અન્વયે માતા મરણ અગમચેતીના પગલાં ના ભાગરૂપે માન્ય મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી ડૉ એ. જે. વૈષ્ણવ સાહેબ ના માર્ગદર્શન હેઠળ કલોલ તાલુકાના પ્રા.આ.કે. મહિલા, મલ્ટીપારા તેમજ રેજીટન્સ સગર્ભા ને બોલાવી ને એમની સાથે પોષણ યુકત આહાર સગર્ભા અવસ્થા દરમ્યાન રાખવા ની થતી



અટકાવવા અને માતા મૃત્યુદર ને એક આંકડામાં લઈ જવા માટે આપણે સૌ અથાગ પ્રયત્ન કરી રહ્યા છીએ. તેમ છતાં વખત તો વખત જોખમી સગર્ભામાં વધારો જોવા મળે છે. આ જોખમી સગર્ભાનું વહેલામાં વહેલી તકે સારવાર, નિદાન અને કાઉન્સિલિંગ થઈ શકે અને માતા મરણ અટકાવી શકાય તે માટે હાજીપુર ખાતે જોખમી સગર્ભા સાથે મિટિંગનું આયોજન પર આ મિટિંગમાં જીલ્લા કક્ષાએથી એસબી.સી.સી ટીમ ડૉ.નેહલ ગજેરા, કેયુર જયસ્વાલ, જીલ્લા પી. એચ.એન રીચા પટેલ એ હાજરી આપી હતી. ઉકત મિટિંગમાં પ્રા આ કેન્દ્રની તમામ જોખમી સગર્ભા, ઓછું વજન, હાઈપર ટેન્શન, વ્યસન કરતી સાવચેતી અને યોગ,પ્રાણાયામ વિશે સમજણ આપી એ દિવસે પ્રા.આ.કે. પર આર્યન સુક્રોઝ , એફ. સી.એમ. ઈન્જેકશન ની વ્યવસ્થા હતી. આ મિટિંગમાં આવેલ ૧૦૮ સગર્ભાને પોષણયુક્ત લીંબુ પાણી અને પૌંઆ અને કેળા ના અલ્પા આહાર આપવાની વ્યવસ્થા દ્વારા કરવામાં આવી હતી.

## સમદર્શન આશ્રમ સે-૧ ખાતે ગુરૂપૂર્ણિમા મહોત્સવનું આયોજન

ગાંધીનગર, તા. ૨૮

સમદર્શન પરિવાર દ્વારા ગુરૂપૂર્ણિમાના પાવન અવસરે ગુરૂપૂર્ણિમા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. તારીખ ૩ જુલાઈએ સે. ૧ સમદર્શન આશ્રમ ખાતે સવારે ૭ કલાકે ગુરૂપરંપરા પૂજન, સવારે ૯ કલાકે પૂજ્ય ગુરુમાનું પૂજન, સવારે ૧૧.૩૦ કલાકે આર્શીવચન, બપોરે ૧૨ કલાકે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર શહેરમાં આજે સાંજે ૬ વાગ્યા પછી ઓફિસ છુટવાના સમયે વરસાદનુ આગમન થતાં કર્મચારીઓ પલળ્યા હતા.
- આજે ન્યુ સચિવાલય ક્રેડિટ સોસાયટીના બોર્ડ ઓફ ડિરેકટર્સની પાંચ બેઠકો માટે યોજાયેલ મતદાનમાં મતદારોએ ભારે ઉત્સાહ દાખવ્યો હતો.
- ગાંધીનગર શહેરમાં ટી.બી.ના દર્દીઓને અપાતી સેવાઓના ઈન્ટરનલ એસેસમેન્ટ માટે ટીમ સરકારમાંથી આવી હતી.
- ગાંધીનગર જિલ્લા પંચાયતમાં આજે સભ્યો આવ્યા હતા.
- ગાંધીનગર કલેકટર ઓફિસમાં આજે આખો દિવસ બેઠકોનો દોર ચાલ્યો હતો.
- મતદાર નોંધણી અધિકારી અને ચૂંટણી અધિકારીઓને આજે કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા ઓનલાઈન તાલિમનું આયોજન કરાયુ હતુ.
- ગાંધીનગરના ખોરજમાં રૂ. ૬૧ કરોડની જમીનના રૂ. ૩૩ કરોડ ચૂકવી છેતરપીડી કરનાર અમદાવાદના બે ઈસમો સામે ફરિયાદ નોંધાઈ.
- કલોલના પિયજ ગામની સીમમાંથી ૬૨ હજારના કેબલ વાયરની ચોરી.
- દહેગામ તાલુકામાં આમ આદમી પાર્ટીમાં ગાબડુ પડવાના એંધાણને પગલે રાજકીય ગરમાવો વધ્યો.
- જિલ્લા પંચાયતના હિસાબી અધિકારી શંકુતલાબેન મહેશ્વરી સહિત ૧૦ હિસાબી અધિકારી સંવર્ગના અધિકારીઓને નાયબ નિયામક તરીકે બઢતી આપતા હુકમો જારી કરાયા.
- ભારત વિકાસ પરિષદ તથા ગુજરાત ક્લીનર પ્રોડક્શન સેન્ટર દ્વારા સે. ૨૪ની સેવા વસ્તીના બાળકોને ચોપડાનું વિતરણ કરાયુ હતુ.
- જાયન્ટ્સ ગૃપ કલોલ દ્વારા જાસપુર પ્રા. શાળાના બાળકોને શૈક્ષણિક કીટનું વિતરણ કરાયુ હતુ.
- ગાંધીનગર મનપામાં નવી ભરતી થયેલા કર્મચારીઓ આજે હાજર થવા આવતાં સારી એવી ભીડ જોવા મળી હતી.
- ગાંધીનગર મેડીકલ એસોસીએશનની આજે સી.એમ.ઈ. યોજાઈ હતી.
- ગાંધીનગર શહેરમાં પાણીનો વેડફાટ વધવા પામ્યો છે.
- ગાંધીનગર જિલ્લા પંચાયતમાં ગટરલાઈનો ઉભરાયા પછી શૌચાલયોમાંથી લિકેજીસ થતુ પાણી બહાર આવવાની ફરિયાદો ઉઠી છે.


**શ્રી બનાસકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી.**

Since 1959

"બનાસ ભવન" મુખ્ય કચેરી, ડીસા હાઈવે, પાલનપુર'૩૮૫૦૦૧

**વાર્ષિક સાધારણ સભાની નોટીસ**

બેંકના તમામ સભાસદશ્રીઓને જણાવવામાં આવે છે કે, બેંકની ૬૪મી વાર્ષિક સાધારણ સભા તા.૧૦/૦૭/૨૦૨૩ ને સોમવારના રોજ સવારે ૧૧:૦૦ કલાકે, શ્રી કાનુભાઈ મહેતા સાંસ્કૃતિક ભવન, વિદ્યામંદિર કેમ્પસ, પોલીસ હેડકવાટર્સ પાસે, પાલનપુર મુકામે રાખવામાં આવેલ છે. તો તે સમયે સભાસદ અગર તો તેઓના અધિકૃત પ્રતિનિધિએ વાર્ષિક સાધારણ સભામાં હાજરી આપવા વિનંતી છે.

**કાર્યસૂચિ**

૧. તા.૨૩/૦૯/૨૦૨૨ ના રોજ મળેલ બેંકની ૬૩મી વાર્ષિક સાધારણ સભાની કાર્યવાહીને બહાલી આપવા બાબત.
૨. તા.૩૧/૦૩/૨૦૨૩ ના રોજ પુરા યતા વર્ષ આખરનો બેંકનો અહેવાલ, ઓડીટરશ્રીએ પ્રમાણીત કરેલ સરવૈયુ તથા નફા-નુકસાન પત્રક માન્ય રાખવા અને બેંકના સંચાલક મંડળની ભલામણ મુજબ નફાની વહેંચણીની મંજુરી આપવા કાંબત.
૩. બેંકના હિસાબોના ઓડીટ રીપોર્ટ બાબત.
૪. સને ૨૦૨૩–૨૦૨૪ ના વર્ષ માટે ઓડીટરશ્રીની નિમણુંક કરવા બાબત.
૫. શકમંદ લ્હેણામાંથી બેંકે આપેલ રાહતને બહાલ રાખવા બાબત.
૬. નામ.ગુજરાત સરકારશ્રી દ્વારા જાહેર કરેલ "વનટાઈમ સેટલમેન્ટ યોજના'' અન્વયે થયેલ કામગીરી મંજુર રાખવા બાબત.
૭. બેંકના પેટા કાયદાનો સુધારો જે રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગુજરાત રાજય, ગાંધીનગર દ્વારા મંજુર રાખવામાં આવેલ છે. તે વંચાણે લેવા બાબત.
૮. બેંક માટે જમીન ખરીદવા થયેલ કાર્યવાહીને બહાલ રાખવા બાબત.
૯. અધ્યક્ષશ્રી તરફથી અગર તેઓશ્રીની મંજુરીથી જે કંઈ કામો રજુ થાય તે..

**પાલનપુર**
**તા. ૨૬/૦૬/૨૦૨૩**

**સંચાલક મંડળના આદેશથી**
**એમ.બી. પટેલ**
**મેનેજીંગ ડીરેક્ટર**

**નોંધ :-**

૧. સહકારી મંડળીઓને બેંકની વાર્ષિક સાધારણ સભામાં હાજર રહેવા માટે પોતાની મેનેજીંગ કમીટીના ઠરાવથી જે પ્રતિનિધિને મોકલવા ઠરાવ કરેલ હોય તેની નકલ બેંકને સભાના સમય પહેલાં મળી જાય તે રીતે મોકલી આપવી.
૨. વાર્ષિક સાધારણ સભામાં કરવાના કામ અંગે ફકત સહકારી મંડળીના પ્રતિનિધિઓ અને વ્યકિત સભાસદના ડેલીગેટસ ભાગ લઈ શકશે.
૩. કોઈપણ સભાસદને બેંકના હિસાબો સંબંધમાં કોઈ માહીતી જોઈતી હોય તો તે બાબતે તા.૦૩/૦૭/૨૦૨૩ સુધીમાં બેંકની મુખ્ય કચેરીને લેખિત ખબર આપવા વિનંતી છે કે જેથી તે અંગે વ્યવસ્થા થઈ શકે.
૪. મીટીંગ જો નોન કોરમ થશે તો મીટીંગના અર્ધા કલાક પછી કોરમ થયું છે તેમ ગણી તે જ સ્થળે સભાનું કામકાજ શરૂ કરવામાં આવશે જે પેટા કાયદાની કલમ ૨૮(૩)ની જોગવાઈ મુજબ કાયદેસર ગણાશે.